ગુજરાત
Gujarat Times
સપ્તક
વિશેષ વાચનનું સમૃદ્ધ, રસપ્રદ મેગેઝિન

May 22, 2009

# બાળકો માટે મેટલાઇફ સાઉથ એશિયન સ્પેલિંગ બી-૨૦૦૯ સ્પર્ધાની જાહેરાત

દક્ષિણ એશિયાની એક જાણીતી જાહેરખબર કંપની ટચડાઉન મિડિયા ઇન્ક. દ્વારા છઠ્ઠી મે, ૨૦૦૯એ મેટલાઇફ એશિયન-બી સ્પર્ધાની જાહેરાત કરાઈ હતી. અમેરિકાની પ્રથમ ક્રમની જીવન વીમા કંપની સન ૨૦૦૯ની આ સ્પર્ધાને સ્પોન્સર કરશે. એશિયન મૂળનાં ૧૪ વર્ષની વય સુધીનાં બાળકો માટે આ સ્પર્ધા ખુલ્લી છે. આ સ્પર્ધા દક્ષિણ એશિયન મૂળનાં બાળકોને તેમની સ્પેલિંગની જાણકારીની જે તે જૂથમાં કસોટીની તક આપશે.

આ અંગે રસ ધરાવતાં બાળકો અથવા તેમના વાલીઓએ www.southasianspellingbee.com પર પોતાનાં નામ નોંધાવી લેવાં. આ સ્પર્ધા ૨૦મી જૂનથી અમેરિકામાં આઠ અલગ અલગ સ્થળે યોજાશે. રિજિયોનલ સેન્ટર તરીકે ઓળખાતાં આ સ્થળો છે ન્યુ યોર્ક, ન્યુ જર્સી, શિકાગો, ડલાસ, સાન ફ્રાન્સિસ્કો, બે એરિયા, લોસ એન્જલસ અને વોશિંગ્ટન ડીસી મેટ્રો એરિયા. આ સ્પર્ધાઓમાં વિનામૂલ્યે તમામને પ્રવેશ અપાશે. 'આ એક પારિવારિક કાર્યક્રમ છે, જેમાં સમગ્ર પરિવાર આનંદ માણવા અને જ્ઞાન મેળવવા માટે ભાગ લે છે અને સ્પર્ધામાં ભાગ લેનારાં બાળકોને ટીવી પર ચમકવાની પણ તક મળે છે' એમ સાઉથ એશિયન સ્પેલિંગ બીના સ્થાપક અને ટચડાઉન મિડિયાના સીઈઓ રાહુલ વાલિયાએ કહ્યું હતું.

દરેક સ્પર્ધામાં ૨૫ લેખિત શબ્દોની કસોટી થશે. બીજા રાઉન્ડ એટલે કે બપોર પછીના મૌખિક રાઉન્ડમાં પ્રવેશવા માટે સ્પર્ધકે ૧૫ કે તેથી વધુ શબ્દોની સાચી સ્પેલિંગ દર્શાવવી પડશે. આ રાઉન્ડનું સંચાલન ઉચ્ચારોના અનુભવી અને અન્ય જજ દ્વારા કરવામાં આવશે. મૌખિક રાઉન્ડના ટોચના ત્રણ વિજેતાને ઇનામી રકમ આપવામાં આવશે. દરેક રિજિયોનલ રાઉન્ડના ટોચના બે સ્પેલર્સને ઓગસ્ટમાં ન્યુ જર્સીમાં આયોજિત ફાઇનલમાં પ્રવેશ આપવામાં આવશે. ફાઇનલમાં વિજેતા થનારાને મેટલાઇફ તરફથી ૫૦૦૦ ડોલરની સ્કોલરશિપ એનાયત કરવામાં આવશે.

મેટલાઇફના નેશનલ સેલ્સ ઓર્ગેનાઇઝેશનના વાઇસ પ્રેસિડન્ટ જોસેફ ડબ્લ્યુ. જોર્ડને કહ્યું હતું, 'દક્ષિણ એશિયન લોકોની સેવા કરવાના મેટલાઇફના




(ડાબેથી) જોસેફ જોર્ડન, મેટલાઈફ નેશનલ સેલ્સના સીનિયર વાઈસ પ્રેસિડન્ટ, રાહુલ વાલીઆ, ટચડાઉન મીડિયાના સીઈઓ અને સાઉથ એશિયન સ્પેલિંગ બીના સ્થાપક, જીન્જર જોન્સ, મેટલાઈફના વિજ્ઞાપન સલાહકાર જ્હોન ડેરબીન મેટલાઈફ વિજ્ઞાપનના આસીસ્ટન્ટ વાઈસ પ્રેસિડન્ટ, નીરજ અરોરા સોની એન્ટરટેઇનમેન્ટ ટેલિવિઝન એશિયાના સીનિયર વાઈસ પ્રેસિડન્ટ, મેટલાઈફના બ્રેન્ડ આઈકન સ્નૂપી સાથે.

*(ફોટો અને માહિતીસૌજન્યઃ સંસ્થાની અખબારી યાદીમાંથી)*

લાંબા ઇતિહાસે મોટા ભાગના પરિવારો માટે શું અગત્યનું છે એ સમજવામાં મદદ કરી હતી. અમે શિક્ષણના મહત્ત્વને સમજીએ છીએ અને શિક્ષણમાં વધતા જતા ખર્ચાઓની યોજનાઓથી પણ વાકેફ છીએ. આ વર્ષની સાઉથ એશિયન સ્પેલિંગ બી સ્પર્ધાને સ્પોન્સર કરતાં અને બાળકોના શ્રેષ્ઠ શિક્ષણનાં સપનાં જોતા પરિવારોને તેમનાં સપનાં સાકાર કરવામાં મદદ કરવા અમને ખૂબ જ ગૌરવ થાય છે'.

ધ ૨૦૦૯ મેટલાઈફ સાઉથ એશિયન સ્પેલિંગ બી સ્પર્ધાનું સોની એન્ટરટેઈન્ટમેન્ટ, એશિયા પર પ્રસારણ કરવામાં આવશે. સોની એન્ટરટેઈન્ટમેન્ટ ટેલિવિઝન, એશિયા પાસે ભારત અને પાકિસ્તાન સિવાય સમગ્ર વિશ્વમાં પ્રસારણના અધિકારો છે.

સોની એન્ટરટેઈન્ટમેન્ટ ટેલિવિઝન એશિયાના એક્ઝિક્યુટિવ વાઇસ પ્રેસિડન્ટ રાજન સિંહે કહ્યું હતું કે નવા નવા કાર્યક્રમો કરવામાં અમે ખૂબ ગૌરવ અનુભવીએ છીએ અને વિવિધ કાર્યક્રમોમાં અમારી ભાગીદારી અપવાદ નથી. તમામ વય જૂથના યુવાનો માટે પોતાની કુશળતા, પ્રતિબદ્ધતા, ચતુરાઈ અને આત્મવિશ્વાસ દેખાડવા માટે સ્પેલિંગ બી એક વ્યવસ્થિત પ્લેટફોર્મ છે. સેટ એશિયા માત્ર મનોરંજન જ નથી પીરસતું, પરંતુ ઇન્ડિયન આઇડલ, બુગી વુગી અને હવે સ્પેલિંગ બી જેવા કાર્યક્રમોનું આયોજન કરીને અમારા આંતરરાષ્ટ્રીય પ્રેક્ષકોને પણ સામેલ કરે છે. આ સ્પર્ધામાં ભાગ લેવા અને સંપૂર્ણ માહિતી માટે www.southasianspellingbee.com પર લોગ ઓન કરો.

**મેટલાઈફ વિશેઃ** મેટલાઇફ ઇન્ક. સમગ્ર અમેરિકા, લેટિન અમેરિકા, યુરોપ અને એશિયા પેસિફિકમાં વીમો, કર્મચારી લાભો અને નાણાકીય સેવાઓ આપતી એક અગ્રણી કંપની છે. એની શાખાઓ અને પેટાકંપનીઓ મારફતે મેટલાઈફ ઇન્ક. સમગ્ર વિશ્વમાં ૭૦ મિલિયન કરતાં પણ વધુ લોકો સુધી પહોંચતી જીવન વીમા ક્ષેત્રની અમેરિકાની સૌથી મોટી કંપની છે. મેટલાઇફ કંપની વ્યક્તિઓ અને કોર્પોરેટ તેમ જ અન્ય કંપનીઓને જૂથ વીમો, નિવૃત્તિ લાભ અને બચત ઉત્પાદન, વીમા તેમ જ સેવા પૂરી પાડે છે. આ અંગે વધુ વિગતો માટે www.metlife.com પર ક્લિક કરો.

**સોની એન્ટરટેઈનમેન્ટ ટીવી એશિયા વિશેઃ** ૧૯૯૫માં ભારતમાં શરૂઆત સાથે જ સોની એન્ટરટેઈન્ટમેન્ટ ટેલિવિઝન (સેટ)ને ભવ્ય સફળતા મળી હતી, જેના પરિણામે યુરોપ, ઉત્તર અમેરિકા અને આફ્રિકામાં એની સ્થાપના સેટ તરીકે થઈ હતી. સેટ અને સેટ એશિયા હવે ૧૫૦ કરતાં પણ વધુ દેશોમાં ઉપલબ્ધ છે. સોપ ઓપેરા, નાટકો, સિટકોમ, કોન્સર્ટ્સ અને ગેમ શો સહિત અનેક મનોરંજન કાર્યક્રમો સોની પીરસે છે. આ અંગે વધુ વિગતો www.setasia.tv પરથી મેળવી શકાય છે.

**ટચડાઉન મિડિયા ઇન્ક વિશેઃ**

ટચડાઉન મિડિયા ઇન્ક. એ ન્યુ જર્સીસ્થિત દક્ષિણ એશિયનોના વિજ્ઞાપન માટેની એક ખાસ કંપની છે. અત્યારે એના છઠ્ઠા વર્ષમાં સફળતાપૂર્વક કામ કરી રહેલી આ કંપની ટચડાઉને મુખ્ય પ્રવાહના અને અન્ય અસીલોને દક્ષિણ એશિયન બજારો સુધી પહોંચવામાં મદદ કરી હતી.

ટચડાઉન મિડિયા પાસે શ્રેષ્ઠ બજારોના ૨૫ વર્ષનો સામૂહિક અનુભવ છે. એક સંપૂર્ણ સેવા આપતી કંપની તરીકે ટચમિડિયાએ અનેક કંપનીઓને અમેરિકામાં દક્ષિણ એશિયણ ડાયસ્પોરામાં તેમના માધ્યમ અને વેચાણના લક્ષ્યાંકને પૂર્ણ કરવામાં મદદ કરી છે.